**જન્મદિને વધામણી**



**સુકેતુ મહેતા**
**કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ**
**મો. ૯૮૨૫૨ ૯૨૦૪૧**



**આર્ષિ મૌલિકકુમાર શાહ**
**મો. ૯૩૨૭૩ ૭૬૬૬૭**

**ડાયરેક્ટ ❤ સે**

ઈશ્વર કહે છે,
કોઈને તકલીફ આપીને
મારી પાસે ખુશી માટે
દુઆ ના કરતા
અને કોઈને
એક પળ માટે પણ
ખુશ કરી શકો
તો તમારી તકલીફની
ચિંતા ના કરતા

# આંબેડકર હૉલમાં શનિવારે નાટક 'સત્યમેવ જયતે'

ગાંધીનગર, તા. ૨

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી સુબેદાર થિયેટર્સ, અમદાવાદ દ્વારા ગાંધીનગરમાં શનિવારે રાત્રે સત્યમેવ જયતે નામક નાટક પ્રસ્તુત થવા જઈ રહ્યું છે.

આ અંગેની વિગતો આપતાં નાટકના લેખક, નિર્માતા, નિર્દેશક શફી સુબેદારે જણાવ્યું છે કે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી તૈયાર થયેલું સત્યમેવ જયતે નાટક આગામી તારીખ ૪ માર્ચ ને શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે ડૉ. આંબેડકર હૉલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે ભજવવામાં આવશે.

આ નાટકમાં શફી સુબેદાર, ઈફતેખાર નિઝામી, શીલા દાણી, જનક મહેતા, દિપક મિશ્રા, અક્ષિત વ્યાસ, જ્યોતિ બારાણી, જીગરદાન ગઢવી, અંજલી આચાર્ય, ડેનિસ ભદોરિયા અને શિવમ મેવાડા અભિનય આપી રહ્યા છે. નાટકના રસિકોને આ નાટક માણવા તેમણે હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

# આર સી પટેલ હાઈસ્કૂલનો એનએસએસ શિબિર માણસાના ગુલાબપુરામાં યોજાયો



ગાંધીનગર, તા. ૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર સી પટેલ હાઈસ્કૂલની વાર્ષિક શિબિર માણસા તાલુકાના ગુલાબપુરા ગામે યોજાઈ હતી. આ શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્‌ઘાટક તરીકે એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલના પ્રિન્સિપાલ અર્પિતભાઈ ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યા હતા.

એનએસએસ પ્રોગ્રામ ઑફિસર સંજય ત્રિવેદીના માર્ગદર્શનમાં ૫૦ જેટલા શિબિરાર્થીઓએ ગામમાં નિવાસ કરી પ્રભાતફેરી, લોકસંપર્ક, ગ્રામસફાઈ, બોલતી રેલી જેવા કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. સાથે-સાથે ગામમાં આયોજિત શાકોત્સવમાં શ્રમદાન કરી આચાર્ય મહારાજના આશીર્વચન પણ પ્રાપ્ત કર્યા હતા. તેમણે ખેતરો અને બોરની રૂબરૂ મુલાકાત લઈ જીવંત શિક્ષણ પણ પ્રાપ્ત કર્યું હતું. ગામમાં ગાયના દૂધનું મહત્ત્વ, ગ્રાહક સુરક્ષા, બેટી બચાવો, બેટી વધાવો, એઈડ્‌સ વગેરે વિષયોની સમજ આપી સમાજને જાગૃત કરવાનો પ્રયાસ કર્યો હતો. રોજ રાત્રે શેરી નાટકો કરી જ્ઞાન સાથે ગમ્મતનું પિરસણ પણ કર્યું હતું. અંધશ્રદ્ધા નિવારણ અને ભીંતસૂત્ર લેખન દ્વારા જનજાગૃતિ લાવવાનો ભગીરથ પ્રયાસ પણ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. તેમના દ્વારા આયોજિત વ્યસન મુક્તિ અભિયાન સમગ્ર ગામના આકર્ષણનું કેન્દર બની રહ્યું હતું.

શિક્ષકો દ્વારા આયોજિત લોક ડાયરામાં હાસ્ય રસ અને લોકગીત સાથે સાંસારિક કડવી વાતોને સમાજના ગળે ઉતારવામાં આવી હતી, જેમાં મનોરંજન સાથે શિક્ષણને સુભગ સમન્વય યોજવામાં આવ્યો હતો. સમગ્ર શિબિરના કાર્યક્રમ સફળ આયોજન, સંચાલન બદલ ગામ વતી સરપંચ વિષ્ણુભાઈ કે પટેલે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. ઉત્કૃષ્ટ સેવા આપનાર સંજય ત્રિવેદી અને શિબિરાર્થીઓને પણ આ પ્રસંગે બિરદાવવામાં આવ્યા હતા.

ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ, મોટા ચિલોડા ખાતે ધોરણ-૧થી ૧૧ના તમામ વિદ્યાર્થીઓ દ્વારા ફન ફૅર તથા વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ વિદ્યાર્થીઓએ વિવિધ સ્ટોલ તૈયાર કર્યા હતા તથા ધોરણ-૬થી ૧૧ના વિદ્યાર્થીઓ દ્વારા 'વિશ્વ વિજ્ઞાન દિવસ' અન્વયે અલગ-અલગ મૉડેલ્સ રજૂ કરી પ્રયોગોનું સુંદર નિદર્શન કર્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ખ્યાત સાહિત્યકાર દોલત ભટ્ટ અને વિદ્યાર્થીઓના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે ફન ફૅર અને વિજ્ઞાન પ્રદર્શનની મુલાકાત લઈ સઘળા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.



# સમર્પણ કોલેજમાં વાર્ષિક રમતોત્સવ





ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સમર્પણ એજ્યુકેશન અને રીસર્ચ કેમ્પસ ખાતે આવેલ સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજ દ્વારા વાર્ષિક રમતોત્સવનું આયોજન તાજેતરમાં કરવામાં આવેલ હતું. સંસ્થાના સંચાલક તથા પૂર્વ મુખ્ય મંત્રી શંકરસિંહ વાઘેલા દ્વારા રમતોત્સવ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ગોળા ફેંકમાં રાષ્ટ્રીય કક્ષાએ રજત પદક જિતનાર જયવીરસિંહ પુનિયાજીએ હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

વિદ્યાર્થીઓ એ વિવિધ પ્રકારની રમતો જેવી કે વોલીબોલ, ફૂટબોલ, કબ્બડી, ગોળાફેંક, બેડમીનટન, ચેસ, કેરમમાં ભાગ લીધો હતો. સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજ ના પ્રિન્સીપાલ ડો. રીતુ સકસેના તથા સંસ્થાના રજીસ્ટ્રાર ડો. એમ. ડી. પાંડેએ રમતોત્સવમાં ભાગ લેનારા અને વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.



## અમદાવાદ ખાતે તા. ૩જી માર્ચથી ત્રણ દિવસીય સંગીત મહેફિલ 'અનુષ્ઠાન'નો આરંભ થઈ રહ્યો છે

અમદાવાદ ખાતે તા. ૩જી માર્ચથી ત્રણ દિવસીય સંગીત મહેફિલ 'અનુષ્ઠાન'નો આરંભ થઈ રહ્યો છે, જેમાં રાજ્યના જાણીતા ગાયક કલાકારો ભાગ લઈ રહ્યા છે.

મહેફિલના પ્રથમ દિવસે એટલે કે તા. ૩જી માર્ચ ને શુક્રવારે સાંજે ૬.૩૦થી ૧૦.૩૦ દરમિયાન પ્રાસંગિક આવકાર કવિ તુષાર શુક્લ દ્વારા આપવામાં આવશે.

'સોશિયલ મીડિયામાં તરવું કે તણાવું?' વિષયે પરિસંવાદ અંતર્ગત જય વસાવડા, સૌરભ શાહ અને આર જે ધ્વનિત પોતાના વિચારો અભિવ્યક્ત કરશે. સરસ્વતી વંદના નિરાલી ઠાકોર, ચંદન ઠાકોર અને કલાકારો (નૃત્યભારતી સંસ્થા) દ્વારા પ્રસ્તુત કરાશે, આ માટે ગાયન દર્શના ગાંધી ઠક્કર અને વૃંદ પ્રસ્તુત કરશે. ગીત ગુર્જરી કાર્યક્રમ અંતર્ગત આલાપ દેસાઈ, ધૃવિશ શાહ, પ્રહર વોરા, અમન લેખડિયા, હિમાલી વ્યાસ નાયક, ગાર્ગી વોરા, જહાનવી શ્રીમાંનકર, ભૂમિક શાહ, દ્રવિતા ચોકસી દ્વારા ગીતોની પ્રસ્તુતિ અને તાલબદ્ધ કાવ્યપાઠ 'શબ્દતાલ' અંતર્ગત અર્ચન ત્રિવેદી, ચિરાગ ત્રિપાઠી અને જિજ્ઞા વ્યાસ દ્વારા કાવ્યોનું પઠન કરવામાં આવશે. અકુલ રાવલ (રિધમ પ્લસ) દ્વારા પર્કસન પ્લે કરવામાં આવશે. 'કંઠના કામણ' અંતર્ગત ગાયક કલાકાર અમન લેખડિયા, ભૂમિક શાહ, અદિતિ મુનશી, અર્પણ મહિડા, ધૃવિશ શાહ, ચિરાગ ત્રિપાઠી, જગજીત સલુજા, પૌલી થોમસ, શૈલ ભટ્ટ, અંતરા મુનશી, હીર બ્રહ્મભટ્ટ, હિરલ બ્રહ્મભટ્ટ, લિપિકા નાગ, પ્રાચી શાહ, રાગ મહેતા, વ્રત્તીની ગાડગે, દેવિકા જગન્નાથ અને યેશા પટેલ પોતાની પ્રસ્તુતિ આપશે.

'ચિત્ર ગુર્જરી' અંતર્ગત નીરજ પાઠક, અર્ચિત પાટડીયા, ભૂમિક શાહ, વિરાજ-બીજલ, સંપદા દેસાઈ અને ડૉ. પાયલ વખારીયા તથા 'ફોક ફ્યુઝન-૨૦૧૭' અંતર્ગત ગાયક કલાકાર વત્સલા પાટીલ, હસમુખ પાટડીયા, અભિતા પટેલ, આદિત્ય ગઢવી, આરતી મુનશી, સૌમિલ મુનશી, શ્યામલ મુનશી, અકુલ રાવલ અને રિધમ પલ્સના કલાકારો પોતાનું પરફૉર્મન્સ આપશે.

# વાવોલના એમ બી પટેલ વિદ્યાલય ખાતે એસએસસીના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહ



ગાંધીનગર, તા. ૨

શ્રી પ્રગતિ મંડળ સંચાલિત શ્રી એમ બી પટેલ સાર્વજનિક વિદ્યાલયના ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહનું આયોજન અંબુસિંહ ગોલને અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો.

અંબુસિંહ ગોલે વિદ્યાર્થીઓને શુભકામનાઓ આપતાં જણાવ્યું હતું કે હું આ શાળાનો વિદ્યાર્થી રહી ચૂક્યો છું. નાનપણથી જ મેં વ્યવસાય કરવાનું નક્કી કર્યું હતું. સરકારી નોકરી તે વખતે મળતી હતી પણ મેં સ્વીકારી નહોતી. ભારે સંઘર્ષ, નવી તકનીક શીખવાની ભારે તમન્ના હતી તથી દિવસ-રાત સખ્ત પરિશ્રમ કર્યો ને તેથી જ સિદ્ધિનાં શિખર સર કરી શકાયાં, એમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે પૃથ્વીભાઈ શાહે ધીરુભાઈ અંબાણી જેવા ઉદ્યોગપતિ તેમના જીવનમાં કઈ રીતે આગળ આવ્યા તે જણાવી ભારે મહેનત, પ્રતિક્ષા અને ધીરજથી આગળ વધવા જણાવ્યું હતું.

આ પ્રસંગે શ્રી પ્રગતિ મંડળના પ્રમુખ શ્રી પોપટલાલ પટેલ, સહમંત્રી અમરસિંહ ગોલ, બ્રહ્માકુમારી હંસાદીદી, તાલુકા પંચાયતના પૂર્વ અધ્યક્ષ અને રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ, ગ્રામ પંચાયતના સરપંચ નગીનભાઈ નાડિયા, વાવોલ પ્રાથમિક શાળાના આચાર્ય દક્ષાબેન, ડેપ્યુટી સરપંચભાવનાબેન ગોલ, વંદે ગુજરાતના તંત્રી ભાવનાબેન રાઠોડ, પત્રકાર વિનોદસિંહ રાઠોડે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. ધોરણ-૯, ૧૦ના વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા.

વિદ્યાલયના બળદેવભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું અને શાળાની વિદ્યાર્થીનીઓએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું. આભારવિધિ શિક્ષક આર એસ નિનામાએ કરી હતી.

# વિશ્વ મહિલા દિન : માનસિકતા તપાસવાની તક

**જીવન ઉપવન**
**મહેન્દ્ર એમ ત્રિવેદી**
mmtrivedi007@gmail.com

શક્તિ વિના જીવનમાં કશું જ નથી તો ભક્તિ વિના જીવ માટે બધું જ અર્થહિન છે અને નીતિ વિના વશ્વ પૂરું વિપત્તિકારક છે. આ પ્રકારનાં વિધાનો ઘણા બધા સાહિત્યમાં જોવા મળે છે. જે સ્ત્રીના તન-મનમાંથી નવો પ્રકાશપુંજ શિશુ બનીને ધરતી ઉપર અવતરે છે એ સ્ત્રી માટે જીવનભર તડપતો ના રહે તો જ આશ્ચર્ય થાય. સ્ત્રી દાક્ષિણ્ય એ માનવ સંસ્કૃતિની ધરોહર છે. નારી તું નારાયણી એમ જ નથી કહેવાતું.

મહિલા સર્વ પ્રકારે પૂજનીય છે, તેના દરેક ત્યાગ નોંધનીય હોય છે. છતાં આધુનિક યુગની વિડંબણા જુઓ કે સર્વત્ર નારા ઉત્પીડન, શોષણ, અવહેલના, ગેંગ રેપ વગેરે સતત વધી જ રહ્યા છે. વતનની ભૂમિ, જન્મ આપતી જનેતા, જળપ્રદાન કરતી નથી માનવીના જીવનને અસ્તિત્વ, શક્તિ, દિશા, સ્નેહથી ભરી દે છે. મહિલાઓનું જ્યાં સન્માન-માન થાય છે ત્યાં દેવતાઓનો વાસ હોય છે. ગૌ-ગંગા-ગાયત્રીનું મહિમા ગાન થાય છે પણ તેઓ સાથેનું વર્તન કેવું વિકૃત, અશ્લિલ અને ઘૃણાસ્પદ થયું છે તે અંગે બધાને આત્મખોજ કરવાની તક એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ.

વૈશ્વિક સ્તરે જે કોઈ દિવસ ઉજવવામાં આવે છે તેનો અર્થ પ્રથમ સમજવો જરૂરી છે. આ બધા દિવસો ઉજવવામાં આવે છે ત્યારે એક દૃષ્ટિ, સામુહિક માનસિકતાને ઢંઢોળવાની ઊભી થાય તે પ્રાથમિક હેતુ છે. વિશ્વ સ્તરે હિંસા, આતંકવાદ, ભ્રામક વર્તન વગેરે ઝડપથી પ્રસરતાં જાય છે, તેમાં બાળકો અને મહિલાઓ કે જે નિર્દોષ છે તેમની ઉપર જુલ્મોસિતમ, બેરહમી, ત્રાસ, ભય વગેરેનો મારો ચાલી રહ્યો છે. મહિલા વિનાનું ઘર કે જીવન હોવા છતાં નહીં બરાબર છે.

ભગવાન બધી જગ્યાએ જઈ શકતો નથી માટે તેણે માનું સર્જન કર્યું છે. જન્મ આપતી માને ખુશ રાખો તો માતાજીની સાધના પૂરી થઈ એવું માનવું એ તેનું પૂરું સન્માન છે. નિજી જીવનમાં જીવનસાથી મહિલાના સાથ વિના જીવનની કોઈ ઉપલબ્ધિ શક્ય બની શકતી નથી. દીકરીના અવતરણને અટકાવવું એ મહાપાપ છે. દીકરી પારકી થાપણ કહેવાય છે, જે બે પરિવારોમાં વહેંચાઈ ગયા બાદ પણ જીવનભર પોતાની સ્નેહ સરિતા બંને પરિવારોને સતત અર્પિત કરતી રહે છે. નારી કોઈપણ સ્વરૂપમાં સદાય મહાન છે, એ સર્વશક્તિ સ્વરૂપા છે. તેની આંખનું વહેવું એટલે પ્રલયનું પ્રગટવું એ નક્કી હોય છે. સંવેદનાથી એનું હૃદય ઋજુ, કોમળ અને પુષ્પ જેવું છે માટે નારીને નારાયણી કહેવામાં આવે છે. નારી પરત્વે નારીની ખુદની વૈચારિક ક્રાંતિ આવી ઉપરાંત ભૌતિકવાદે પુરુષોની મનોદશાને વિકૃતિ આપી છે. માટે સ્થિતિ બગડતી જાય છે.

એકવીસમી સદીમાં સ્ત્રીને કેન્દ્રમાં રાખીને વિશ્વ માર્કેટ સ્પર્ધામાં, સત્તા કે શાસનમાં આગળ વધવા લાગ્યું છે ત્યારે જે શિક્ષિત નારી વર્ગ છે તેને પુરુષ સમોવડી થઈ જવાનો વિચાર આવવો ઘણો સહજ છે. પરંતુ વિશ્વ હજી પુરુષપ્રધાન વ્યવસ્થામાં જીવી રહ્યું છે એટલે એક ભૂસ્તરિય ભૂકંપ જેવી સ્થિતિ સમાજની થઈ રહી છે. સ્ત્રીની શકિત સાથે મહાનતાને પુરુષ સ્વીકૃત કરતો નથી જે કુદરતી અહમના લીધે જ છે. એટલે વૈચારિક પ્રક્રિયામાં વિકૃતિ પ્રવેશી રહી છે, તેમાં બળતામાં ઘી હોમે છે આધુનિક ઉપકરણો, સિનેમા અને વાતાવરણની અભદ્રતા. આ બધાના લીધે પુરુષની વાસનાઓ પ્રતિદિન ભડકતી જ રહે છે, જેના કારણે ભારતમાં પુષ્કળ બળાત્કારો થઈ રહ્યા છે. આ એક ચિંતાનો વિષય છે. દિલ્હી, મુંબઈ, બેંગલુરુ, કોલકાતા જેવાં શહેરોમાં પણ સ્ત્રી માટે સલામતી ઘટતી જ જાય છે. શહેરોની પોળો, યુનિવર્સિટી કે શાળાનાં કૅમ્પસ, જાહેર બગીચામાં ટીનેજર્સ પૉર્નોગ્રાફીનો શિકાર બની ગઈ છે અને આ પ્રકારના લોકો કઈ રીતે સંસ્કૃતિની વાતને દિલમાં ટકાવી શકશે!

જે નામાં કમાઈ લેવા અંગ પ્રદર્શન કરી નામ કમાય છે તે પણ ગેંગ રેપની ઘટના બાદ શોક વ્યક્ત કરે છે ત્યારે એક આમ નાગરિકને ગુસ્સો આવે છે. સ્ત્રીને બજારમાં ધક્કો મારનાર કોણ છે ? શરાબ અને શબાબની પૂરી પ્રક્રિયામાં કોણ કમાઈ રહ્યું છે એ વિશે સંશોધન કરવું પડે તેમ છે. બધાને જો કમાણી કરવી એ ધ્યેય હોય તો આદર્શ જીવન કદી પ્રાપ્ત થવાનું હવે શક્ય દેખાતું નથી. નાનું બાળક પુખ્ત થાય ત્યાં સુધીમાં તેની દૃષ્ટિ અને સૃષ્ટિમાં વાસનાના કીડાઓ રોપાઈ જાય તેવી સમાજરચના કશું ઉમદા મેળવી શકે એ વાતમાં દમ નથી. શિક્ષણ, મીડિયા, સમાજ, ઘર, ગુરુજનો તથા વડીલો જો ભ્રષ્ટતામાં લિપ્ત થઈ જાય તો નારી સન્માનની ફળદાયી વાતો કદી થઈ શકશે નહીં.

નારી જગતે પણ ફરીથી સ્વયંની સ્થાપના માટે સર્વપ્રકારની ગિરાવટથી બચવા સંકલ્પ કરવો પડશે કેમ કે હવે નારીને શાસનનો પણ ચસ્કો ચઢાવવામાં આવી રહ્યો છે. હે નારી, તું કદી પણ નથી હારી તો હવે બજારૂ ચીજની મોહિનીમાંથી તું મુક્ત થા !!

જગતની સર્વ સ્ત્રીઓની શક્તિને સાદર વંદન.

નર્યું પાણી જ મારા દર્દનો
ઉપચાર લાગે છે,
રડી લઉં છું મને જ્યારે હૃદય
પર ભાર લાગે છે.

(ગની દહીંવાલા)




# રિસર્ચ પ્રપોઝલ તૈયાર કરવા અંગે કાર્યશાળાનું આયોજન

ગાંધીનગર, તા. ૨

શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી. એન. આર્ટસ એન્ડ બી.ડી.કોર્મસ કોલેજ કડી ખાતે How to Prepare Research Proposal વિષય ઉપર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

અર્થશાસ્ત્રના નિષ્ણાત અને શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી કચ્છના ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર ડૉ. તુષારભાઈ હાથી આ વર્કશોપમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપનો આરંભ કોલેજની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના દ્વારા કરાવ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત શ્રી.એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી કડીના મંત્રી નલીનભાઈ શાહ તથા મહેમાન ડૉ. તુષારભાઈ હાથીનું કોલેજના પ્રિન્સિપાલ ડૉ. જી. ડી. ત્રિપાઠીએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

કોલેજના પી. જી. ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતા એમ. કોમ. અને એમ. એ. ના ૧૨૦ કરતાં વધુ વિદ્યાર્થીઓએ આ વર્કશોપમાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન અંગ્રેજીના પ્રો. ડૉ. સી. ડી. ધંધુકિયાએ કર્યું હતું. ડૉ. જી. ડી. ત્રિપાઠીના સીધા માર્ગદર્શનન હેઠળ સમગ્ર વર્કશોપના કાર્યક્રમનું આયોજન પ્રો. રવિ રંગવાણી અને પ્રો. જીગ્નેશ પટેલે કર્યું હતું.